



## ડીસા તાલુકાના વાતાવરણમાં કમોસમી પલટો

કોરોના વાયરસના કહેર વચ્ચે ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં વરસાદ થવાના અહેવાલ મળી રહ્યા છે, જો કે બનાસકાંઠા જિલ્લામાં પણ સવારથી જ વાતાવરણમાં મોટી ઉથલપાથલ થઈ રહી છે. ડીસા સહિત અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ થવા પામ્યો છે, ત્યારે ડીસા પંથકમાં પણ સવારથી જ વાદળો ગોરંભાઈ જતા પવન ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડી હતી. જેથી સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. એક તરફ કોરોનાનો કહેર વચ્ચે વાતાવરણમાં પણ કમોસમી પલટો આવતા જગતના તાત ગણાતા ધરતીપુત્રોના જીવ પડીકે બંધાયા હતા. સતત એક પછી એક કુદરતી આફતોનો સામનો કરતા ધરતીપુત્રોની હાલત દિન પ્રતિદિન કફોડી બની રહી છે. આમ પ્રજા પણ કોરોના વચ્ચે કુદરતના ખેલથી ડઘાઈ જવા પામી હતી.





## વડગામ પંથકમાં વરસાદી ઝાપટા

બનાસકાંઠા જિલ્લાના વડગામ પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાયા હતા. વડગામ પંથકના કેટલાક ગામડાઓમાં પવન સાથે વરસાદના ઝાપટાં પડયા હતા તો ક્યાંક અમી છાંટણા થયા હતા. અચાનક વાતાવરણના પલટાથી વાતાવરણ ભેજવાળું બન્યું હતું અને લોકોમાં ઠંડક પ્રસરી હતી. જયારે બીજી બાજુ અચાનક પલટાયેલા વાતાવરણથી ખેડૂતો ચિંતિત બન્યા હતા.

# શ્રમજીવીઓ પગપાળા માદરે વતન ભણી રવાના

### ભિલોડા-શામળાજી-ઈડર-વિજયનગર-ખેડબ્રહ્મા-અંબાજી સહિતના વિવિધ ધોરીમાર્ગ પર હજારો શ્રમજીવીઓ માદરે વતન તરફ મજબુરીવશ રવાના

ભિલોડા, તા. ૨૬

ભારત દેશમાં કોરોના વાઈરસના કહેર વચ્ચે લોકડાઉનના પગલે જાહેર બજારો



અને ઉદ્યોગ એકમો બંધ થતાં શ્રમજીવી મજુરો માટે રોજીરોટીની સમસ્યા ઉભી થઈ છે. ખાસ કરીને પડોશી રાજ્ય રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ અન્ય રાજ્યોમાંથી આવતા પર પ્રાંતીય શ્રમજીવી મજુરો પોતાના માદરે વતન ફરવા મજબુર બન્યા છે.

સરકાર દ્વારા કોરોના વાયરસના અટકાયતી પગલારૂપે સરકારી અને ખાનગી વાહનો બંધ કરતા ટ્રાવેલ્સ કે ખાનગી વાહનો ન મળતા પગપાળા ચાલતા જવા સિવાય કોઈ જ વિકલ્પ ન રહેતા દુર દુરથી શામળાજી, હિંમતનગર, ગાંભોઈ, ભિલોડા, ઈડર તરફ મુખ્ય માર્ગો પર પોતાના માદરે વતન તરફ જવા હજારો શ્રમજીવી મજુરો પદયાત્રીઓની જેમ રાત દિવસ પગે ચાલીને જતા નજરે પડે છે. વિવિધ માર્ગો પર કોઈ વાહન કે ખાવાની ચીજ વસ્તુઓ ન મળતા આ શ્રમજીવી મજુરો દયનીય હાલતમાં પોતાના વતન ભણી પહોંચવાના એક નિર્ધાર સાથે રાત દિવસ પગપાળા પંથ કાપી આગળ વધી રહ્યા છે.

અરવલ્લી કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની અરવલ્લી જિલ્લાની જનતાને અપીલ કોરોના સામેની લડાઈમાં વહીવટી તંત્રને મદદરૂપ થાઓ, ઘરમાં રહો, સુરક્ષિત રહો તેવી સુચના આપી હતી.

અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાની અરવલ્લી જિલ્લાની જનતાને અપીલ કોરોના સામેની લડાઈમાં વહીવટીતંત્રને મદદરૂપ થાઓ, ઘરમાં રહો, સુરક્ષિત રહો તેવી ખાસ સૂચના અપાઈ છે.

અરવલ્લી જિલ્લામાં એક પણ વ્યક્તિ કોરોના પોઝિટિવ નથી માટે કોઈએ ખોટી અફવા ફેલાવવી નહીં આવી અફવા કોઈ ફેલાવી રહ્યું હોય તો દરેક લોકોએ પોતાની નૈતિક ફરજ સમજી આવો ખોટો પ્રચાર-પ્રસાર કરતા વ્યક્તિ કે સોસીયલ મીડિયા ગ્રુપ અંગે તત્કાલ નજીકના પોલીસ મથકે જાણ કરવી આવશ્યક છે.

### સુરતથી રાજસ્થાન લોડિંગ રિક્ષામાં જતા

# ૩૦ જેટલા શ્રમિકોની મોડાસા પોલીસ દ્વારા અટકાયત

### કલેક્ટરે ૨૧ દિવસ સુધી અટકાયતમાં રાખવાનો હુકમ કર્યો

મોડાસા તા. ૨૬

હાલમાં કોરોનાનો કહેર વર્તાયો છે. સુરતમાં પણ કોરોના નામની મહામારીમાં ૫ લોકો સપડાઈ ચુક્યા છે. સુરત શહેરમાંથી શ્રમિકો પગપાળા અને જે વાહન મળ્યું તેમાં રાજસ્થાની શ્રમિકો વતન તરફ પ્રયાણ કર્યું છે. એક તરફ પોલીસ તેમજ અનેક લોકો દ્વારા માનવતાના દર્શન થઈ રહ્યા છે. જયારે બીજી બાજુ મોડાસાના સહયોગ ચાર રસ્તા પાસે ચાલતા અને વાહનોમાં ટોળા સ્વરૂપે જઈ રહેલા લોકોની પોલીસે અટકાયત કરી હતી. જ્યારે કલેક્ટરે ૨૧ દિવસ સુધી અટકાયતમાં રાખવા હૂકમ કર્યો હતો.

બુધવારના રોજ સુરતથી રાજસ્થાનના કુંભલગઢ ૩૦ જેટલા શ્રમિકો પરિવાર સાથે રીક્ષા મારફતે જઈ રહ્યા હતા દરમિયાન મોડાસાના ડુગરવાડા ચોકડી નજીક પોલીસે તેઓને ઝડપ્યા હતા અને તેઓની અટકાયત કરી હતી. જેના પગલે અરવલ્લી જિલ્લા કલેક્ટરે બધાને ૨૧ દિવસ સુધી અટકાયતમાં રાખવાના આદેશો કર્યા હતા.



સરકાર દ્વારા કોરોનાનો ફેલાવો ન થાય તે માટે આખો દેશ લોકડાઉન કરી દેવાના આદેશો કરવામાં આવ્યા છે. લોકડાઉનનો મતલબ જ એ છે કે એકવીસ દિવસ સુધી કોઈએ ઘરની બહાર જ ન નિકળવ્યું ત્યારે અનેક લોકો જે વાહન મળે તે નહીંતો પદયાત્રા કરીને પણ વતન તરફ પ્રયાણ કરી રહ્યા છે. તેઓની તકલીફને લઈને માનવતાના ધોરણે લોકો રસ્તા પર જમવા તેમજ નાસ્તાની વ્યવસ્થા કરવામાં લાગી ગયા છે. ત્યારે લોકડાઉનનો મતલબ જ રહેતો નથી અને રોગનો ફેલાવો થવા માટે ખુલ્લું મેદાન મળી રહે છે.

બુધવારના રોજ સુરતથી રાજસ્થાનના કુંભલગઢ ૩૦ જેટલા શ્રમિકો પરિવાર સાથે રીક્ષા મારફતે જઈ રહ્યા હતા દરમિયાન મોડાસાના ડુગરવાડા ચોકડી નજીક પોલીસે તેઓને ઝડપ્યા હતા અને તેઓની અટકાયત કરી હતી. જેના પગલે અરવલ્લી જિલ્લા કલેક્ટરે બધાને ૨૧ દિવસ સુધી અટકાયતમાં રાખવાના આદેશો કર્યા હતા.

# ભિલોડા જન સેવા સંઘની નવિન કારોબારી બિનહરીફ

ભિલોડા,તા.૨૬

ભિલોડા તાલુકા મથક ખાતે જન સેવા સંઘની નવિન કારોબારી બિનહરીફ ચુંટાઈ આવતા આનંદની લાગણી પ્રસરી છે. નવીબાઈ રામજીભાઈ આશર વિદ્યાલય સહિત વિવિધ શૈક્ષણિક સંકુલોના સંચાલક મંડળની નવિન કારોબારી બિનહરીફ ચુંટાઈ છે. વર્ષ.૨૦૨૦ થી વર્ષ.૨૦૨૩ સુધીના કાર્યકાળ માટેની ટ્રસ્ટી મંડળની ચુંટણી પ્રક્રિયા જન સેવા સંઘના પ્રમુખ મુકેશભાઈ દયાશંકર ત્રિવેદીએ એજન્ડા બહાર પાડી ચુંટણી પ્રક્રિયા શરૂ કરી હતી. તા.૨૧/૩/૨૦૨૦ ને શનિવારના રોજ ચુંટણી નિરીક્ષકોની હાજરીમાં ઉમેદવારોના ફોર્મ ચકાસણી,ફોર્મ ખેંચવાની છેલ્લી તા.૨૧/૩/૨૦૨૦ ને સાંજે ૬:૦૦ વાગ્યે ચુંટણી નિરીક્ષકોએ તે જ સમયે ઉમેદવારોને ૨૦૨૦ થી ૨૦૨૩ માટેની બિનહરીફ કારોબારીની જાહેરાત કરેલ છે.

ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કુલ ૩૮ ઉમેદવારી ફોર્મ આવેલ હતા. ૧૮ ફોર્મ ૨૦૧૬ ની મતદાર યાદીમાં તેઓના નામ હોઈ ફોર્મ ૨૬ બાતલ કરેલા હતા.બાકી રહેલા ૨૦ ફોર્મના ઉમેદવારોના ફોર્મ પાછા ખેંચવાની તારીખ અને સમય પહેલાં પાંચ ફોર્મ પાછા ખેંચાયા હતા. ૧૫ ઉમેદવારોને ચુંટણી નિરીક્ષક નટવરલાલ વલ્લભદાસ ત્રિવેદી, મુકેશભાઈ શંકરભાઈ મહેતાએ નીચે મુજબના ૧૫ ઉમેદવારોને બિનહરીફ જાહેર કર્યા હતા.

કારોબારી સભ્યોની પ્રમાણિત યાદી નીચે મુજબ છે.

(૧) વૈકુંઠભાઈ એસ. ત્રિવેદી (૨) હેમંતભાઈ જે. જોષી (૩) મુકેશભાઈ ડી. ત્રિવેદી (૪) મુકેશભાઈ પી.ત્રિવેદી (૫) કમલેશભાઈ એસ. મહેતા (૬) રવિચંદ્ર પી. ત્રિવેદી (૭) સતિષભાઈ એમ. જોષી (૭) સતિષભાઈ એમ. જોષી (૮) વિપુલભાઈ કે. જોષી (૯) શૈલેષભાઈ એસ. ત્રિવેદી (૧૦) જગદીશભાઈ કે. ઉપાધ્યાય (૧૧) હર્ષદભાઈ ડી. ઉપાધ્યાય (૧૨) રસીકભાઈ બી. જોષી (૧૩) વિમલભાઈ બી. ઉપાધ્યાય (૧૪) બ્રિજેશભાઈ જી. ઉપાધ્યાય (૧૫) વિપુલભાઈ જી. ઉપાધ્યાયનો સમાવેશ થાય છે.



બાયડ તાલુકાની ચોઈલા પ્રાથમિક શાળા નંબર-૧ના શિક્ષક અનિલકુમાર દિલીપભાઈ દરજી તથા તેમના પરિવારે મોડાસા ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને માસ્કનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું.




## ધનસુરામાં લોકડાઉનનું પાલન કરાવવા ગ્રામ પંચાયત અને પોલીસની સરાહનીય કામગીરી

ધનસુરામાં લોકડાઉનનું પાલન કરાવવા ગ્રામ પંચાયત અને પોલીસ વિભાગ સરાહનીય કામગીરી કરી રહ્યું છે. જિલ્લામાં ૧૪૪ની કલમ લાગુ કરવામાં આવી છે. ત્યારે ગ્રામ પંચાયત ધ્વારા ધનસુરામાં કિરાણાની દુકાનોમાં ૧ મીટરનું અંતર જાળવવા માટે એક એક મીટરના અંતરે રાઉન્ડ બનાવવામાં આવ્યા છે જેથી ગ્રાહકો કિરાણાની દુકાનોમાં આવે ત્યારે અંતર જળવાય અને સાવચેતી રહે આ ઉપરાંત ગામમાં દવાનો છંટકાવ એકસાથે વધુ લોકો એકઠા ના થાય તે માટે પણ ધ્યાન રાખવામાં આવે છે. આ માટે ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલ, ધનસુરાના પી.એસ.આઈ. એફ.એલ. રાઠોડ, તલાટીકમ મંત્રી મહેશભાઈ, પ્રદીપભાઈ ભાવસાર, અર્પણભાઈ પટેલ, પંકજભાઈ સહિતના પંચાયતના સ્ટાફ અને પોલીસ સ્ટાફના વ્યક્તિઓ ખુબ સુંદર કામગીરી કરી રહ્યા છે. લોકડાઉનનું ચુસ્ત પાલન કરાવવા ગ્રામ પંચાયતના સ્ટાફના વ્યક્તિઓ દિવસ-રાત ખડેપગે રહી કામગીરી કરી રહ્યા છે. ધનસુરાના ગ્રામજનોએ ગ્રામ પંચાયતના આ કાર્યની સરાહના કરી હતી. ગ્રામ પંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલ અને પી.એસ.આઈ. એફ.એલ. રાઠોડે જનતાને આ લોકડાઉનમાં ગ્રામ પંચાયત અને પોલીસ વિભાગના સ્ટાફને સહકાર આપવા જણાવ્યું હતું.